MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

Office : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar(East), Mumbai - 400 077. ☎ : 022-40229684

વર્ષ : 12 • અંક : 35 • સળંગ અંક : 471 • મુંબઈ • શુક્રવાર • તા.27 સપ્ટેમ્બર – 03 ઓક્ટોબર 2019 • પાના : 24 • કિંમત રૂ.4

Sanskruti Vacations
SPLENDID MAURITIUS
5 NIGHTS / 6 DAYS
Incl. Airfare (Ex.Mum) | Meals
3 Star Hotel | Sightseeing
INR 64,999/-*
9769880881, 7977527874
Mail : sanskrutimumbai@gmail.com

WORLD HEART DAY
29th September, 2019

Fortis

## રસ્તા પરના અવરોધ સમયનો ભોગ લે છે

## હૃદયમાંના અવરોધ જિંદગીનો ભોગ લે છે



ફંધાએલી હૃદયની રક્તવાહિનીઓ અને પ્લાક્સ લોહીને હૃદય તરફ સરળતાથી વહેતું અવરોધતા રોડ બ્લોકસ છે

આ વિશ્વ હૃદય દિને (વર્લ્ડ હાર્ટ ડે) લાઈફસ્ટાઈલમાં બદલાવ લાવીને હૃદય સંબંધી સમસ્યાઓથી બચો અને અમારા સ્ક્રીનિંગ કેમ્પમાં આવીને હૃદયનું ચેક-અપ કરાવી લો.

**આ નિઃશુલ્ક કાર્ડિઆક સ્ક્રીનિંગ કેમ્પમાં આપના હૃદયના ચેક-અપ માટે આપના કેલેન્ડરને બ્લોક કરો**

• બ્લડ પ્રેશર • બોડી માસ ઈન્ડેક્સ • રેન્ડમ બ્લડ સુગર
• ઈસીજી • કાર્ડિયોલોજિસ્ટ દ્વારા સલાહ

**૨૯ સપ્ટેમ્બર ૨૦૧૯**
**અને ઓક્ટોબર તથા નવેમ્બર મહિનાના દર રવિવારે**
**સમય : સવારે ૧૧ થી બપોરે ૨ વાગ્યે**

વધુ માહિતી માટે સંપર્ક કરો: 98692 10144

* સીટી એન્જીયોગ્રાફી ₹ ~~12,600~~/- હવે ₹ 4,999/- માં કરાવો

* નિયમો અને શરતો: • સીટી એન્જીયોગ્રાફી ફક્ત સોમવારથી શનિવાર સુધી • પૂર્વ નિમણૂક ફરજિયાત છે • આ 30 નવેમ્બર, 2019 સુધી માન્ય છે

ફોર્ટિસ હોસ્પિટલ, મુલુંડ-ગોરેગાંવ લિંક રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - 400078
સંપર્ક કરો: 022-43654365 | ઇમર્જન્સી નંબર: 022-41114111
ઈ-મેલ: enquiry.mulund@fortishealthcare.com | વેબસાઇટ: www.fortismumbai.com

Fortis મુલુંડ

# લાયન્સ કલબ ઓફ મુંબઈ ઘાટકોપર ગેલેક્સી દ્વારા પત્રકાર સન્માન





લાયન્સ ક્લબ ઓફ મુંબઈ ઘાટકોપર ગેલેક્સી પ્રમુખ કાજલ શેઠ દ્વારા ગુરુવાર તા.૧૯ સપ્ટેમ્બર આર.સી., ઝેડ.સી. વિઝીટ યોજાઈ હતી. ટાટા મેમોરીયલ સ્કુલના બાળકોને ૫૦ ડઝન નોટબુક આપવામાં આવી હતી. આ પ્રસંગે યંગેસ્ટ જર્નાલીસ્ટનો એવોર્ડ સીંજલ જતીન કોઠારીને એનાયત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રિ-નવરાત્રી સેલીબ્રેશન કરી મેમ્બરોએ આનંદ કર્યો હતો. ૧ ઓક્ટોબર થી ૭ ઓક્ટોબર દરમ્યાન સર્વિસ વીકનું આયોજન કરવામાં આવશે. ૭ સ્કુલ અને કોલજમાં સેનેટરી પેડ વેન્ડીંગ મશીન ડોનેટ કરવામાં આવશે.


SUBSCRIBE TODAY

વોઈસ ઓફ ઘાટકોપર

Voice of Ghatkopar

Subscribe to the Award Winning Ghatkopars Gujarati Premium Newspaper

ASK YOUR NEWSPAPER VENDOR TO GIVE YOU COPIES OF VOICE OF GHATKOPAR NEWSPAPER AT YOUR DOOR STEP EVERY FRIDAY

Name :

Address :

Whatsapp No.:

Newspaper Vendor No.:

1 Year Subscription at Just Rs.199

*T&C apply

Subscribe and Pay Rs.199 and Enjoy Coupon Worth Rs.400 of R-Steam Hot Restaurant

R-Steam Hot Since 1980

EVERY SUBSCRIBER WILL GET COUPON WORTH RS.400 OF RESTAURANT R-STEAM HOT LOCATED AT KAILASH PLAZA, ODEON, GHATKOPAR (EAST)

Cheques to be drawn in favour of "Ghatkopar Times Publication Centre"

You can also Paytm on this number 9022279684

Address : A-1, Basement, Satyam Shopping Centre, M.G.Road, Ghatkopar (East).

www.vognewslive.com ☎ : 022-40229684 /vognewslive


# આઈજા સંમેલનમાં એક જ નારો શિથિલાચાર સમાપ્ત કરો, જૈન સમાજ નથી જૈન ધર્મ છેઃ હાર્દિક હુંડીયા



આઈજા ના રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ હાર્દિક હુંડીયા જી ના નેતૃત્વ માં ૧૧ લાખને ૫૦૦ વર્ષ જૂની દાદા મુનિસુવ્રત સ્વામી દાદા ની પ્રતિમા નાં દર્શન કરવા જતી વખતે બધા પત્રકારો નજરે પડે છે

રાષ્ટ્રીય સ્થાપક અધ્યક્ષ હાર્દિક હુંડીયાજીનાં નેતૃત્વમાં પ્રારંભ થયેલ ઓલ ઈન્ડિયા જૈન જર્નાલિસ્ટ્સ એસોસિએશનની (આઈજા)નું પહેલું સંમેલન અગાશી જૈન તીર્થ ખાતે પ.પૂ.આ. શ્રીમદ્ વિજયયશોવર્મ સુરીશ્વરજી મહારાજના આશીર્વાદ સાથે આઈજાની બે દિવસની પહેલી રાષ્ટ્રીય પરિષદની આગેવાની હેઠળ પૂર્ણ થયું. આઈજાના સંમેલનનાં પહેલા દિવસે, બેંન્ડબાજા અને ગાજાબાજા સાથે બધા જ પત્રકારો મંદિરે આવ્યા અને ત્યાં ભગવાનની પુજા ભક્તિ કરી. તે પછી સાંગલીથી આવેલ રમેશ મહેતા અને ૯ વર્ષની ઉંમરે પુત્ર રત્નને દીક્ષા આપી, તેવા માતા જેસલબેન દોશી દ્વારા માતા સરસ્વતીજીના ચિત્ર સામે દીપ પ્રગટાવી કાર્યક્રમ ની શરૂઆત કરવામાં આવી હતી. હાર્દિક હુંડિયાજીએ દેશના ખૂણે ખૂણેથી આવેલ જૈન પત્રકારોને સોનેરી પુષ્પ આપીને તેમનું સન્માન કર્યું હતું. આ સંમેલનમાં એક માત્ર મુદ્દો એ હતો કે છે કે જૈન ધર્મમાં શિથીલાચારીતા નો અંત આવવો જોઈએ. હાર્દિક હુંડિયાએ કહ્યું હતું કે એક મુમુક્ષ આત્મા દીક્ષા લે છે જેથી તે તેમના પોતાના આત્માના કલ્યાણની સાથે સાથે આપણા સૌ ના આત્માનું પણ કલ્યાણ કરે. પરંતુ જે સંસારનો ત્યાગ કરીને પણ સાંસારિક ભોગવૃતીમાં રસ લે છે તો પછી તેને સાધુના વેશમાં રહેવાનો કોઈ અધિકાર નથી. સાથે સાથે એમ પણ કહ્યું હતું કે સાધુ સાધ્વીજી મહારાજ સાહેબની બધી જ સુવિધાનું ધ્યાન રાખવું આપણા સૌ નું કર્તવ્ય છેઅને તેથી જ હાર્દિક હુંડીયા જી એ ચારેય ફીરકા થી આવેલ પત્રકારો ને સંબોધન કરતા જણાવ્યું કે ''ચલો સુખ શાતા પુછે'' આ કાર્યક્રમ બધા સંઘો માં થવો જ જોઈએ. જેની આપ સૌએ જરૂર નોંધ લેવી

વિશ્વ શાંતિના આ ભવ્ય કાર્યક્રમમાં દિગમ્બર, શ્વેતામ્બર, સ્થાનવાસી અને તેરાપંથી જૈન ધર્મના તમામ સંપ્રદાયોના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આઈજાના આ કલમકાર રત્ન સમારોહના પ્રમુખ અતિથિ વસઇ વિરારના પ્રથમ મહિલા મેયર પ્રવીણા બેન ઠાકુરે કહ્યું કે ધર્મના નામે થતા ધંધાબંધ કરો. , હાર્દિક ભાઈ હું આ કાર્ય માં તમારી સાથે છું.ડોકટર રચના ફડિયા, દિલીપ શાહ, અભય કોટેચા, ડાયાભાઈ જૈન જેવા અનેક મહાનુભાવો આ કાર્યક્રમમાં આવ્યા હતા. આઈજાના પત્રકારોનું આ અવસરે આઈજા કલમકાર રત્ન એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રથમ વખત યોજાયેલ બે દિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, છત્રીસગઢ,, તેલંગાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ અને દિલ્હીના પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા. હવે પછીની પરિષદ કોઈપણ પ્રાચીન યાત્રાધામમાં યોજાશે, તેની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે. આ માહિતી આઈજાના રાષ્ટ્રીય મહામંત્રી મહાવીર શ્રીમાલ દ્વારા કહેવામાં આવેલ છે, ત્યારબાદ મહારાષ્ટ્રના આઈજાના પ્રદેશ પ્રમુખ દિલીપ કાંવરિયાએ આભાર વ્યક્ત કરેલ, પાશ્ર્વ ગાયક રવિ જૈને ભક્તિગીતોથી વાતાવરણમાં એક ભક્તિમય વાતાવરણ નિર્મિત કરેલ હતું.

MNE/413/2019-21

# વોઈસ ઓફ ઘાટકોપર

Website : www.vognewslive.com /vognewslive

વર્ષ : 12 • અંક : 35 • સળંગ અંક : 471 • મુંબઈ • શુક્રવાર • તા.27 સપ્ટેમ્બર – 03 ઓક્ટોબર 2019 • પાના : 24 • કિંમત રૂા.4

## ઘાટકોપરમાં ૧૦ દિવસીય પ્રોફેશનલ નવરાત્રી ન યોજાતા પારંપારિક નવરાત્રીઓનું મહાત્મય આ વર્ષે પણ કાયમ રહેશે : મુલુંડ, થાણા અને ધ લલીત હોટલમાં જામશે નવરાત્રોત્સવ




નવરાત્રીના આગમનની આતુરતાપૂર્વક રાહ જોતા ખેલૈયાઓ નવરાત્રિમાં ઝૂમવા થનગની રહ્યા છે ત્યારે તેમને મોજ કરાવવા માટે વ્યવસાયિક તથા પારંપરિક સાર્વજનિક નવરાત્રિના આયોજકો પણ કમર કસી રહ્યા છે. ઘાટકોપરમાં આ વર્ષે પણ નવરાત્રીમાં પ્રોફેશનલ નવરાત્રી ન યોજાતા દાંડિયા રસીકોમાં નારાજગીનું વાતાવરણ છે. દર વર્ષે શરદપૂર્ણિમાની ઉજવણી આયોજકો દ્વારા કરાય છે પણ આ વર્ષે વરસાદી માહોલને લીધે તેની પણ જાહેરાત કરાઈ નથી.

છેલ્લા ૧૧ વર્ષની પરંપરા જાળવી રાખતા ૧૨મા વર્ષે મુલુંડ યુવક પ્રેરણા દ્વારા કાલિદાસ ગ્રાઉન્ડમાં પ્રેરણા-રાસ ૨૦૧૯નું ભવ્ય આયોજન કરવામાં આવશે. થાણે ચેકનાકામાં રાસરંગ અંતર્ગત લોકલાડીલા ઢોલકિંગ નૈતિક નાગડાના ઢોલને સથવારે અનેક લોકપ્રિય ગાયક-ગાયિકાઓ પોતાના કામણગારા કંઠથી ખેલૈયાઓને થનગનાટ કરાવશે.

રાતના ૧૦ વાગ્યા પછી પણ રાસ રમીને જે ખેલૈયાઓ ધરાયા ન હોય તેમના માટે વિરાજ એન્ટરટેઈનમેન્ટએ નૈતિક નાગડાના સહયોગથી લલિત હોટલમાં સવારના ૪ વાગ્યા સુધી રાસ-ગરબાનું આયોજન કરશે.

આ ઉપરાંત ઘાટકોપર(ઈસ્ટ)માં પરંપરાગત રીતે ઉજવાતી નવરાત્રીમાં અંબાજીધામ મંદિર ૬૦ ફુટ રોડ, રાજાવાડી, ભાવેશ્વર લેન, નિલકંઠ કિંગડમ અને ઘાટકોપર(વેસ્ટ)માં સાંઘાણી એસ્ટેટ, દોશી વાડી, જમનાદાસ સદન, ઈન્દ્રદીપ સોસાયટી, દામોદર પાર્ક તથા સોસાયટી સ્તરે યોજાતી નવરાત્રીઓ પર ખૈલેયાઓ ઝુમશે.

## પ્રજા ફાઉન્ડેશનનાં સર્વેમાં 'એન' વોર્ડ ઘાટકોપરના નગરસેવકોનો ક્રમ નીચે ઉતર્યો



પ્રજા ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે મુંબઈના નગરસેવકોનો કાર્યોનો અહેવાલ-રીપોર્ટ કાર્ડ પ્રકાશિત કરવામાં આવે છે. જેમાં આ વર્ષે વોર્ડ ક્ર.૧૩૨ના નગરસેવક પરાગ શાહનો નંબર ગત વર્ષે ૧૭૯ હતો જે આ વર્ષે ૨૧૭મો આવ્યો છે. આ ઉપરાંત સૌથી વધુ જેનો નંબર સુધર્યો હોય તેમાં એનસીપીના નગરસેવિકા જ્યોતિ હારુન ખાનનો સમાવેશ થાય છે તેઓનો નંબર વર્ષ ૨૦૧૮માં ૧૦૭મો હતો જે વર્ષ ૨૦૧૯માં ૨૬મો આવ્યો છે. આ ઉપરાંત બિંદુ ત્રિવેદી ૨૦૧૮મા ૧૬૩મા નંબરે હતા જે વર્ષ ૨૦૧૯માં ૭૫મા નંબરે આવ્યા છે. આ રીપોર્ટ કાર્ડ મુજબ એન વોર્ડમાંથી ટોપ ૫૦મા આવનારાઓમાં જ્યોતિ ખાન અને રાખી જાધવનો સમાવેશ થાય છે. જ્યારે ઈ ગ્રેડ સાથે પરમેશ્વર કદમ અને પરાગ શાહ સૌથી નબળા નગરસેવકો તરીકે આ રીપોર્ટમાં દર્શાવાયા છે.

(વધુ વિગત આવતા અંકમાં)






ઘાટકોપર જૈન જગત
परस्परोपग्रहो जीवानाम्
મયુર લોડાયા - 9322311146
પ્રવર કોટીચા - 9223434460

## ગોહિલવાડ દશાશ્રીમાળી મહિલા મંડળ, મુંબઈનો નવરાત્રિ ઉત્સવ

ગોહિલવાડ દશાશ્રીમાળી મહિલા મંડળનો નવરાત્રિ ઉત્સવનો રાસ-ગરબાનો કાર્યક્રમ શનિવાર, તા. ૨૮-૯-૨૦૧૯ને પરમ કેવશબાગ, નવરોજી લેન, ઘાટકોપર (વેસ્ટ) ખાતે બપોરે ૩ કલાકે રાખવામાં આવેલ છે. તો સભ્ય બહેનોએ પોતાના આઈ-કાર્ડ લઈને સમયસર આવી જવું તેમ મહિલા મંડળના પ્રમુખ અનસુયાબેન ર. શાહે જણાવેલ છે.

## શ્રી પંતનગર વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ

શાસન ચંદ્રિકા પૂ.હીરાબાઈ મ.ના સુશિષ્યા પૂ.ભારતીબાઈ મ., પૂ.સોનલબાઈ મ.ના સાંનિધ્યમાં પર્યુષણ પર્વ યાદગાર બન્યા.

માસખમણના તપસ્વી મેહુલભાઈ દોશી, ભારતીબહેન ડેલીવાળા, ૧૬-ઉપવાસ, રોમિલભાઈ અતુલભાઈ ભાયાણી, ૧૧-ઉપવાસ, વીકી સંઘવી-૪૦ અઠ્ઠાઈ, આયંબિલ, એકાસણા ધર્મચક્ર ૩૦ નાના બાળકોની તપસ્યા, ૩-દંપતી આજીવન બ્રહ્મચર્ય વ્રતના પચ્ચક્ખાણ પારણાના લાભાર્થી માતુશ્રી ચંપાબહેન ધીરજલાલ ડગલી પરિવાર, તપસ્વીના તિલકના લાભાર્થી માતુશ્રી રંજનબહેન રવિલાલ દોશી (પૂ.સોનલબાઈ મ.ના સંસારી પરિવાર) તપસ્વીઓના બહુમાનના દાતા લીલાવતીબહેન રાયચંદ ગાંધી, અરૂણાબહેન પીયૂષભાઈ દોશી, નયનાબહેન નવીનચંદ્ર શાહ, કોકિલાબહેન ગુણવંતભાઈ શાહ, રસીલાબહેન રસિકભાઈ શાહ, મહેશભાઈ શાહ (ગુરૂવાળા) અનેક ભક્તગણોએ લાભ લીધો.

મહાવીર જયંતીના ૧૪ સ્વપ્નનો ઉછામણીમાં લક્ષ્મીજીનો આદેશ કુ.પ્રીસા તેજસભાઈ, જીતુભાઈ સંઘવી પારણાનો લાભ મનસુખભાઈ સતરા, જિનેશભાઈ ખીમાણી અને જીવદયાની માળાનો લાભ મીતેશભાઈ ભીમાણી, શ્રીમતી ઝવેરબહેન મીઠુભાઈ સતરા, શ્રીમતી ઊર્મિલાબહેન હરિભાઈ વોરાએ લીધેલ.

સંત-સતીજીઓની વૈયાવચ્ચની માળાનો લાભ શ્રીમતી હંસાબહેન મહેન્દ્રભાઈ સંઘવીએ લીધેલ.

પ્રતિક્રમણના લાભાર્થી માતુશ્રી ગુણવંતીબહેન ભૂપેન્દ્રભાઈ શાહ હસ્તે રાજેશભાઈ, સંજયભાઈ, લતાબહેન, સોનલબહેન પરિવાર.

પર્યુષણ દરમિયાન ૧૦૦ નાના બાળકો રોજ પ્રતિક્રમણ કરતા હતા. અનેક દાતાઓએ પ્રભાવના કરી હતી તથા વત્સલ રાજેશભાઈ ગોસાઈ, મીનાક્ષીબહેન જીતુભાઈ બાવીસીએ મધુરકંઠે ભક્તિમય વાતાવરણ બનાવ્યું.

પૂ.ગુરૂદેવશ્રી ધીરજમુનિ મ.સા.ના પાવન સાંનિધ્યમાં કુ. પલકબહેન નિમેષભાઈ દોશીની ૧ ડિસેમ્બરે દીક્ષા હિંગવાલા મોટા સંઘમાં ઉજવાશે.

## પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબના જન્મદિવસની સેવા કાર્ય દ્વારા ઉજવણી

પુજ્ય ગુરૂદેવ શ્રી નમ્રમુની મહારાજની પ્રેરણાથી ચાલતા અહેમ યુવા સેવા ગ્રુપ (ઘાટકોપર) જનરેશન નેક્સ્ટ પુજ્ય ગુરૂદેવના જન્મદિન નિમીતે માનવતા મહોત્સવ ઉજવ્યો હતો.

તા.૨૨ સપ્ટેમ્બર ૨૦૧૯ના દિવસે આ પ્રસંગે ખડવલી સ્થિત માતોશ્રી વૃદ્ધાશ્રમમાં યુવા ગ્રુપે ૧૦૦ જેટલા વડિલો સાથે સમય વ્યતિત કર્યો હતો અને ડાયપર અને મેડિકલ કિટનું વિતરણ કર્યું હતું.







## જૈનતત્ત્વ જ્ઞાન અને વિશ્વ વ્યવસ્થા

શ્રમણ ભગવાન મહાવીરે વૈશાખ સુખ ૧૧ના રોજ, આજના બિહાર રાજ્યના મધ્યમાં પાવાપુરી નગરીના ઉપવનમાં ધર્મતીર્થની સ્થાપના કરી. આ સમયે ભગવાને પોતાના મુખ્ય ૧૧ શિષ્યોને ગણતરીના ત્રણવાક્યોમાં ઉપદેશ આપ્યો. આ ત્રણ પદ જૈન પરિભાષામાં 'ત્રિપદી' નામે જાણીતા છે.

આ ત્રિપદીમાં સમગ્ર અને સંપૂર્ણ જૈન તત્ત્વજ્ઞાન સમાહિત છે.

ભગવાને કહ્યું:

ઉપન્નેઈવા - વસ્તુ ઉત્પન્ન થાય છે. (ઉત્પત્તિ)

વિગમેઈવા - વસ્તુ નાશ પામે છે. (લય)

ધુવેઈવા - વસ્તુ સ્થિર રહે છે. (સ્થિતિ)

જેસત્ છે તે દ્રવ્ય છે. જુદી જુદી અવસ્થાઓ / પર્યાયો બદલાવા છતાંય જેનું મૌલિકરૂપ અને શક્તિ યથાવત્ - ધ્રુવ રહે છે, તે દ્રવ્ય છે. આ દ્રવ્ય ગુણ અને પર્યાય (અલગ અલગ અવસ્થારૂપી પરિણામ)થી યુક્ત છે.

દ્રવ્યમાં / દ્રવ્યના દરેક અંશમાં પ્રતિ પળે પરિવર્તન થતું રહે છે. ઉત્પત્તિ અને લય/નાશ પ્રક્રિયા સતત ચાલ્યા કરે છે, પરંતુ તેનાથી દ્રવ્યના મૂળભૂત સ્વરૂપને કોઈ જ નુકસાન નથી પહોંચતું. દ્રવ્યરૂપે તોતે સ્થિર જ રહે છે. માત્ર તેના પર્યાયો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. આથી જૈન ધર્મ કોઈપણ પદાર્થ/વસ્તુને સર્વથા નિત્ય (સ્થિર) કે અનિત્ય(અસ્થિર) માનતો નથી.

વાસ્તવમાં પદાર્થનો નાશ થતો નથી. દેખીતો નાશ થાય છે, તે તો દ્રવ્યનું રૂપાંતર છે. દા.ત. પાણીને ૧૦૦ ડીગ્રી સુધી ઉકાળવાથી પાણીનો નાશ થાય છે. પરંતુ હકીકતમાં પાણી(પાણીનું દ્રવ્ય) નાશ પામતું નથી પરંતુ તેનું વરાળ (વાયુ)માં રૂપાંતરથાય છે. આમ મૂળ દ્રવ્ય અખંડ અને અવિનાશી રહે છે.

જૈન ધર્મ માને છે કે સંસારમાં જેટલા દ્રવ્યો છે તેટલા જ પૂર્વે હતા અને ભવિષ્યમાં પણ તેટલા જ રહેશે. તેમાં કશી જ વધઘટ થતી નથી. તમામ પર્યાયો પોતપોતાની સત્તાની (મુળભૂત દ્રવ્યની) મર્યાદામાં ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. છતાંયે દ્રવ્ય તો મુળરૂપે અખંડ અને અકબંધ રહે છે.

વિશ્વવ્યવસ્થા:

સૃષ્ટિના સર્જન અંગે ચોક્કસ અને વૈજ્ઞાનિક જૈન વિચારધારા છે. જૈનદર્શન આ વિશ્વને અનાદિ અનંત માને છે. વિશ્વની ક્યારેય પણ એકડે એકથી શરૂઆત થઈ નથી અને ક્યારેય તેનો અંત આવવાનો નથી.

'ઈશ્વરે આસૃષ્ટિ બનાવી. તેનું સર્જન/નિર્માણ કર્યું' આ માન્યતાનો પણ જૈનદર્શન સ્પષ્ટ અસ્વિકાર કરે છે. આ માન્યતાનો સ્વીકાર કરવાથી અનેકવિધ પ્રશ્નો ઉભા થાય છે. જેમ કેઈશ્વરે સૃષ્ટિ રચનાકરી તો એ ઈશ્વરને કોણે બનાવ્યો? તેનો જવાબ અપાય તો પ્રશ્ન ફરી એ આવશે કે તે ઈશ્વરને કોને બનાવ્યો? આમ પ્રશ્નની પરંપરા અનંત સુધી ચાલું જ રહેશે.

પહેલાં મરઘી કે પહેલા ઈંડુ? પહેલા દિવસ કે પહેલા રાત? આ પ્રશ્નોની જેમ સૃષ્ટિ સર્જનના પ્રશ્નનો કદી અંત આવતો નથી અને સાચો જવાબ મળતો નથી. ત્યારે સૃષ્ટિ-વિશ્વઅનાદિ - અનંત છે એમ માનવું એજ ઉત્તમ છે.

ઈશ્વર કોણ? વળી એને શા માટે સૃષ્ટિ બનાવી. વળી જો તે સર્વજ્ઞ, પરિપૂર્ણ હોય, ઈચ્છા, વાસના આદિ તમામ દોષોથી મુક્ત ઈશ્વર હોય તો તેને સૃષ્ટિ બનાવવાનું પ્રયોજન શું હતું?

વળી, ઈશ્વર પરમ કરૂણામય એવા અનેક ગુણ સંપન્ન હોય તો તે આધિ, વ્યાધિ, અને ઉપાધિ તેમજ જન્મ, જરા અને મરણનાં દુઃખોથી ભરેલી સૃષ્ટિની રચના શા માટે કરે? કેટલાકને સુખી-સંપન્ન બનાવે અને કેટલાકને નિર્ધન, અને દુઃખી કેમ બનાવે ? વળી જો સૃષ્ટિનો સર્જક ઈશ્વર શક્તિમાન હોય તો દુનિયાનાં લગભગ ૮૮ ટકા લોકોને દુઃખ, ગરીબી અને અભાવમાં સબડતા કેમ રાખ્યા.

ઈશ્વરે દરેકને પોતપોતાના પાપ, પુણ્ય મુજબ સુખ-દુઃખઆપ્યા છે એમ માનીએ તો ઈશ્વરે અમુકને કેમ પુણ્ય કરવાની અને અમુકને પાપ કરવાની બુદ્ધિ આપી? પહેલા ગુનો-અપરાધ કરવાની પ્રેરણા આપવી અથવા તો ગુના કરતાં રોકવો નહિ અને પછી એને એ ગુના માટે સજા કરવી- આમાં કઈ જાતનો ઈશ્વરીય ન્યાય છે ?

'આ પ્રમાણે ઈશ્વરે સૃષ્ટિનું સર્જન કર્યું છે' તેમ માનવાથી આવાઅનેક ગૂંચવાડામાં ગૂંચવાઈ જવાય છે. આથી સર્વોત્તમ તથ્યએ જ છે કે સૃષ્ટિને અનાદિ માની લઈએ. આખરે છેવટે કોઈને કોઈ તત્ત્વને તો અનાદિ માનવું જ પડશે. તોપછી શા માટે વિશ્વને જ અનાદિ નહીં માનવું ?જેથી સવાલોની પરંપરા તો ઉભી ન થાય ?

શ્રી તીર્થંકર પરમાત્માઓ કહે છે : સંસાર અનાદિ છે. તેનો આરંભ નથી. તેનો અંત નથી. અલબત્ત, સમયના પ્રવાહમાં તેમાં પરિવર્તન થયા કરે છે. સર્જન અને વિસર્જનની પ્રક્રિયા સતત ચાલ્યા જ કરે છે.

અ સ્વયંસંચાલિત સંચાલન છે. કોઈ એક વ્યક્તિ આ સંસારનું સંચાલન નથી કરતી. સંસારનાં સંચાલનમાં કર્મ સત્તાજ મહત્ત્વનો અને મુખ્ય ભાગ ભજવે છે.

**- વિરલ સોમાણી (મો.૯૦૨૯૯૯૦૨૮૯)**



Sanghvi S3 GROUP
Shaping Smart Spaces
022 6747 0099
98201 47266
SANGHVI S3 PROXIMA
Live Connected
1 & 2 BHK Luxury Homes
CHEMBUR
FESTIVE OFFERS
NO GST
NO STAMP DUTY
NO REGISTRATION
(Limited Period)
GUEST ROOM
TERRACE GARDEN
YOGA CORNER
GAME ZONE
KIDS ZONE
SENIOR CITIZEN ZONE
ROOFTOP PRIVATE DOLBY THEATRE
GAZEBO
GYMNASIUM
SITTING AREA
Best Connectivity
• 1 Min from SCLR
• 2 Min from Eastern Express Highway
• 3 Min from Amar Mahal Junction
ROOFTOP S3CLUB
Rejuvenate Mind, Body & Soul
FOR THE FIRST TIME IN MUMBAI ROOFTOP PRIVATE DOLBY THEATRE
www.maharera.mahaonline.gov.in
MAHARERA Registration No. P51800021526
Site Address: S3 Proxima, Opp Tilak Nagar Police Station, Shanta Jog Marg, Tilak Nagar, Chembur (W), Mumbai - 400 089
Email: sales@sanghvis3.com Web: www.sanghvis3.com
Corporate Address: S3 Formeet Realtors LLP, S3 Level, 7th floor, Dhiraj Chambers, 9 Hazarimal Somani Marg, Adjacent to Sterling Theatre, Near CSMT Station, Fort, Mumbai - 400 001 Call: 022-6820 5555 (100 Lines)
Disclaimer: All images and details shown above are for representation purpose only. *Conditions Apply.


EVENT PARTNER
THE LaLiT MUMBAI
GARBA RAAS
#ChaaloGarbaRaasRumwa
NAITIK NAGDA
Performing 11 pm onwards
Deepak Moyal
Bhavna Gada
Darshan Panchal
Ashita Dedhia
N2 BAND - PERFORMING 8 PM ONWARDS
EMCEE : AZHAR KAZI & TEENA DARDA
VISUALS BY
28TH SEPTEMBER'19 TO 8TH OCTOBER'19
5TH OCTOBER'19 - OUTDOOR
THE LALIT
At The Majestic Banquet, Near Sahar Airport Rd, Andheri (E)
RSVP
9969731678 / 9833133297 / 9820304395
DIGITAL MEDIA PARTNER
REGIONAL MEDIA PARTNER
PHOTOGRAPHY PARTNER
OUTDOOR MEDIA PARTNER
TRAVEL PARTNER
DIGITAL CINEMA PARTNER
HANGOVER PATNER
RADIO PARTNER
mid-day.com
BRIGHT
OLA
UFO digital cinema
LIVitup!
GARBA PARTNER
COURTESY PARTNER
GIFTING PARTNER
SATELLITE PARTNER
MULTIPLEX PARTNER
CINEMA ADVERTISING PARTNER
TICKETS AVAILABLE ON
SSGD
BOX CINEMA
CARNIVAL
khushi
book my show
EVENTING TICKETS
insider
www.Eventingtickets.com



Since 1929
This Festive Season
celebrate in style!
Pooja Jewellery has got it all!
Known for its extensive collection fashion and warm service, Pooja is the best destination for jewellery that speaks the woman's mind.
POOJA
Beautifully Yours
FASHION JEWELLERY & ACCESSORIES
Shubh Navrathri
FOLLOW US ON
pooja.beautifullyyours
For queries call +91 99873 92022
POOJA CENTRES
Bandra | Dadar | CST | Mulund (West) | Borivali (West)
Lokhandwala (Andheri) | Vashi | Ghatkopar | Mira Rd |
Churchgate

# Integrated ~ ARYA

## GHATKOPAR (W)

MahaRERA No: P51800004521



JAI BHAVANI, JAI AMBE



## SHOW FLAT READY

Possession March 2020

1 & 2 BHK

Ghatkopar Railway/ Metro Station : 1.9 Kms | Airport : 6 Kms | BKC : 4 Kms | Powai : 7.5 Kms
Eastern Expresss Highway : 3.5 Kms | R City : 3.5 Kms | Pheonix Marketcity : 1.2 Kms

Home Loans Approved from All leading Banks

State Bank of India THE BANKER TO EVERY INDIAN | HDFC HOME LOANS WITH YOU, RIGHT THROUGH | ICICI Bank Home Loans khayaal aapka

A Project by: Integrated® INTEGRATED SPACES LIMITED

Project Funded by: RELIANCE HOME FINANCE

MARKETING BY:

**HARSH M. VORA: 99200 34963**

MAHAVIR ESTATE CONSULTANTS

# વાચકમત : મહાનગર ગેસના ખોટા આઈ કાર્ડ બતાવી ઠગી જનારાઓ સામે જાહેર જનતા સાવચેત રહે

હું જગદીશ બી. મહેતા ગારોડીયા નગર ઘાટકોપરમાં રહું છું. તા. ૧૪-૯-૨૦૧૯ના શનિવારે લગભગ બપોરે દોઢ વાગે મહાનગર ગેસ કંપની માથી મીટર રીડીંગ માટે આવેલ તેમનું આઈ.ડી કાર્ડ જોઈને અને તેમને પ્રવેશ આપ્યો. સૌથી પહેલા રસોડામાં પ્લેટફોર્મ ઉપર ચડીને ગેસના મીટરનો તેના મોબાઈલ દ્વારા ફોટો પાડેલ ત્યાર બાદ પોતાના નાકનો સુંઘવાનો અભિનય કરીને કહ્યું કે આપનો ગેસ લીક થાય છે. અમે દલિલ કરી કે વાસ તો આવતી નથી તેણે કહ્યું. મહાનગર ગેસમાં વાસના આવે ત્યાર બાદ ખાત્રી કરવા માટે માચીસની કાંડી સળગાવીને એક પછી એક એમ ગેસના ચુલાના ત્રણે બટન (નોબ) પાસે રાખી ત્યાં ભડકા થવા લાગ્યા. ત્યાર બાદ ગેસના પાછળની ચાવી બંધ કરીને પણ સળગતી દિવાસળી લાવતા ત્રણે નોબ પાસે ભડકા થવા લાગ્યા ત્યાર બાદ પાછો પ્લેટફોર્મ ઉપર ચડીને મીટર પાસે કાંડી સળગાવી મોટો ભડકો થયો જે તેનાથી માંડ માંડ ઓલવાણો અને અમને કહ્યું કે તમારે તાત્કાલિક ચાર વાલ્વ બદલવા પડશે. આજે શવિનાર છે. કાલે મહાનગર બંધ હશે આ વાલ્વ તમને બજારમાં ક્યાંય નહી મળે. એક વાલ્વની કિંમત ૧૮૫૦ છે. જેનું હું તમને બીલ આપીશ અને અત્યારે નહીં કરાવો તો અકસ્માત થાય તે અને જવાબદાર નથી હું તથા મારા પત્ની એકદમ ગભરાઈ ગયા હતા. અમારી મંજુરી બાદ મોરલો દશ મીનીટમાં કળા કરી ગયો. અને અમારા ૭૪૦૦ રોકડા લઈ ગયો પોતાનું નામ મદન કહેલ જાતે મારવાડી છે. એમ કહેલ તેમનો સંપર્ક કરવા માટે તેને મહાનગર ગેસનો નંબર આપેલ ત્યાર બાદ અમને શંકા ગઈ કે આગના ભડકા દેખાડવા માટે જવલનશીલ પદાર્થનો ઉપયોગ કર્યો હતો. અને અમારા પર વશીકરણ (હિપ્નોટીઝમ) કર્યુ હોય. માટે મહાનગર ગેસને એટલું પૂછવાનું કે તમારા નકલી આઈકાર્ડ તથા નકલી કર્મચારી ઠગી જાય તો તમારા સારા કર્મચારીઓનો વિશ્વાસ કઈ રીતે કરવો? મારા ચેતવણીનો હેતુએ હતો કે મારી જેમ બીના નિર્દોષ નાગરિક ફસાઈ ન જાય અને ઠગનો ભોગ ન બને.

– જગદીશચંદ્ર ભોગીલાલ મહેતા

# ઘાટકોપર કપોળ લેડિઝ ગ્રુપ દ્વારા રાસ-ગરબા મહોત્સવ

ઘાટકોપર કપોળ લેડિઝ ગ્રુપ દ્વારા ફક્ત મહિલાઓ માટે રાસ-ગરબા મહોત્સવનું તા.૧૨ ઓક્ટોબર ૨૦૧૯નાં પરમકેશવ બાગ, ઘાટકોપર(વેસ્ટ) ખાતે બપોરે ૩ થી ૬ દરમ્યાન આયોજન કરાયું છે. સ્નેક્સ આપવામાં આવશે.

પાસ માટે સંપર્ક : સોનલ સંઘવી - ૯૮૬૭૪૪૦૩૯૪, સપના મહેતા - ૯૮૨૦૧ ૫૭૯૭૭.

|| ૐ નમો નારાયણ || ફોન : ૨૧૦૨ ૩૧૬૭

# શ્રી નારાયણ સેવા મંડળ

સંચાલિત

## માતુશ્રી જશોદાબા ખેમચંદ ભકતાણી સાર્વજનિક દવાખાનું

''નવદુર્ગા આશિષ'' આણંદજી લેન, એમ.જી.રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
સતીશ યાજ્ઞિક : ૯૩૨૨૫૧૬૨૯૪ પ્રકાશ દાવડા : ૯૮૨૧૪૫૪૭૮૪

શ્રી નારાયણ સેવામંડળ દ્વારા બ્લડ ટેસ્ટ માટે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તારીખ ૧૩-૧૦-૨૦૧૯ રવિવાર રાખવામાં આવેલ છે. મેડીકલ કેમ્પમાં નિચે મુજબના બ્લડ ટેસ્ટ **અનવિક્ષા લેબ** દ્વારા ખુબજ રાહતના દરે કરવામાં આવશે.

**૧૧ પ્રકારના બ્લડ ટેસ્ટ માત્ર રૂ. ૩૫૦/-**

| Sr. No. | Name of the Test | Sr. No. | Name of the Test |
|---|---|---|---|
| 1 | CBC | 7 | NON-HDL CHOLESTEROL |
| 2 | TOTAL CHOLESTEROL | 8 | SERUM CREATININE (KIDNEY) |
| 3 | HDL | 9 | SGOT (HEART) |
| 4 | TRIGLYCERIDE | 10 | SGPT (LIVER) |
| 5 | LDL CHOLESTEROL | 11 | BLOOD SUGAR FASTING |
| 6 | VLDL CHOLESTEROL | | |

**ઓર્થોપેડિક પ્રોફાઈલ**
**૪ પ્રકારના બ્લડ ટેસ્ટ માત્ર રૂ. ૨૫૦/-**

| Sr. No. | Name of the Test |
|---|---|
| 1 | ESR |
| 2 | URIC ACID |
| 3 | SERUM CALCIUM |
| 4 | RA TEST |

**વૈકલ્પિક ટેસ્ટ**

| Sr. No. | Name of the Test | Rate |
|---|---|---|
| 1 | VIT D3 | ₹ 800/- |
| 2 | VIT B12 | ₹ 300/- |
| 3 | T3, T4, TSH | ₹ 250/- |
| 4 | HBA1C | ₹ 250/- |

**આ શીવાયના કોઈપણ બલ્ડ ટેસ્ટ રાહત દરે કરી આપવામાં આવશે.**

ઉપરોક્ત ટેસ્ટ માટે નામ મંડળના દવાખાનામાં નોધાવું જરૂરી છે. ટેસ્ટ પ્રમાણે પૈસા આપવાના રહેશે.

**નામ નોધવાનીં અંતિમ તારીખ ૧૦-૧૦-૨૦૧૯ છે.**

**ખાસ સુચના : બલ્ડ ટેસ્ટ માટે ખાલી પેટે (૧૨ કલાક ફાસ્ટીંગ) આવવું જરૂરી છે.**

**કેમ્પનો સમય : સવારે ૮.૩૦ થી ૧૧.૦૦**

**કેમ્પ સ્થળ : અનવિક્ષા પેથોલોજી લેબરોટરી, હરિભાઈ દામોદર સામે, ટાઈટન શોરૂમની ઉપર, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.**


WEDDING CARDS

CUSTOMISED

કંકોતરી

卐માંગલિક વિગતો卐

VENUE :
geekay
90 Feet Road, Opp. Kailash Tower,
Ghatkopar (E), Mumbai-75.
2506 2626 • 98337 73744 / 43
75066 25702
E-mail: info@geekaycorp.com

kankotary.com
designer indian wedding cards

DAY & TIMING :
Monday to Saturday
Morning 10.00 to 6.00 pm
With prior appointment

આમંત્રણોની વિશાળ શ્રેણી
સ્ટોક વરાયટી • કુમકુમ પત્રિકા

કસ્ટમાઈઝ્ડ આગવી ડિઝાઈન
કુમકુમ પત્રિકા • વેવીશાળ પ્રસંગ
ગરબા પાર્ટી • સંગીત સંધ્યા
મહેંદી રસ્મ • લગ્ન જ્યંતી
ષષ્ઠી પૂર્તી • અન્ય શુભ પ્રસંગો

|| શ્રી ગણેશાય નમ: || || શ્રી મહાવીરાય નમ: ||
|| કુળદેવી માતાની કૃપા હોજો ||

શ્રીમાન/શ્રીમતી

ઘર આંગણે લગ્નનો રૂડો અવસર હોય મનમાં અનેરો ઉમંગ હોય, પ્રસંગને ધામધૂમથી ઉજવવાના ઓરતા હોય એટલે ઘણાં બધા કામો પાર પાડવાના હોય.

આ બધા કામોમાં કુમકુમ પત્રિકાની પસંદગી તથા તેને સુઘડ રીતે છપાવી સમયસર તૈયાર કરાવવી તે પણ તેટલું જ અગત્યનું કામ હોય છે. આ માટે બે થી ચાર વખત તળ મુંબઈના ધક્કા, સમયસર કામ થાય તે માટે ફોનથી યાદી આપવી વગેરેમાં આપના કિમતી સમયનો વ્યય થાય છે.

પરંતુ હવે આવું નથી
geekay રજૂ કરે છે.
ઘાટકોપરના આંગણે સુવિધાજનક
સ્થળે કુમકુમ પત્રિકાની વિશાળ શ્રેણી

આવો, અમારા આધુનિક Invitation boutique ના આરામદાયક વાતાવરણમાં વિનયી અને સેવા-તત્પર સ્ટાફ કુમકુમ પત્રિકા પસંદ કરવામાં આપને સહાય કરશે. આપ ઈચ્છો તો અમારું ડીઝાઈન સેન્ટર આપની મનપસંદ આગવી ડીઝાઈનમાં કુમકુમ પત્રિકા બનાવી આપશે.

બદલાતા સમય સાથે જ્યારે કુમકુમ પત્રિકા પણ તમારા વ્યક્તિત્વન અભિવ્યક્તિ કરે તેવી હોવી જોઈએ તો કુમકુમ પત્રિકા બનાવવાન વ્યવસ્થા પણ તેની સમકક્ષ શા માટે ન હોય!

આજે જ અમારા
Invitation boutique માં પધારીને ખાત્રી કરી લેશો.

ભવદિય
ધીરેન કોઠારી

Marriages are made in HEAVEN
& invitation cards are printed at geekay


|| ૐ નમો નારાયણ ||

Mobile : 9769595661
Time : 10 a.m. to 6 p.m.

# SHREE NARAYAN SEVA MANDAL

## Ghatkopar Clinic Doctors Time Table

| No. | Unit | Day | Time |
|---|---|---|---|
| 1) | **Allopathy**<br>Dr. Manisha Gandhi<br>Dr. Pooja Modi | Monday to Saturday<br>Monday to Saturday | Mor. - 10.30 to 1.00<br>Even. - 4.30 to 6.30 |
| 2) | **Homeopathy**<br>Dr. Vandna Palan<br>Dr. Shilpa Shah<br>Dr. Beena Gesota | Monday, Thursday<br>Tuesday, Thursday<br>Wednesday | Mor. - 10.30 to 12.30<br>Even. - 4.30 to 6.30<br>Even. - 5.30 to 6.30 |
| 3) | **Physiotherapy**<br>Palak Vora | Monday to Saturday<br>Monday to Saturday | Mor. - 9.00 to 10.30<br>Even. - 4.30 to 5.30 |
| 4) | **Skin**<br>Dr. Malini Thakkar<br>Dr. Tushar Hebalkar | Tuesday<br>Saturday | Mor. - 11.30 to 12.30<br>Evn. 5.00 to 5.45 |
| 5) | **Eye Check-up**<br>Dr. Rishika Chauhan<br>Chetna Ganatra | Thursday, Saturday<br>Monday, Friday | Aftr. 2.00 to 2.30 p.m.<br>Mor. - 11.00 to 12.30 |
| 6) | **Counsilling / Healing**<br>Pratima Panjuani | Tuesday, Wednesday,<br>Saturday (By App.) | Noon - 1.00 to 4.00 |
| 7) | **Dietician / Mudra Healing**<br>Samhita Gupte | Tuesday, Friday | Mor. - 10.30 to 12.00 |
| 8) | **Orthopedic**<br>Dr. Shaival Chauhan | Thursday<br>Saturday | Aftr. 12.00 to 12.30 p.m.<br>Aftr. 2.30 to 3.00 p.m. |
| 9) | **Accupressure**<br>Bhavna Kapadia | Mon., Wed., Fri. | Noon - 3.45 to 5.15 |
| 10) | **Ayurvedic**<br>Dr. Manisha Kondaskar | Saturday | Mor. - 10.00 to 12.00 |
| 11) | **Gynecologist**<br>Dr. Prabhjot | (By App.)<br>Wednesday, Friday | Mor. - 10.00 |
| 12) | **Naturotherapy**<br>Krupali Waghela | Friday | Evn. 5.30 to 6.30 |

**for More Details & Prior Appointment please contact at Clinic • Ph.: 21023167**

# Do you want your child to enjoy his precious school years and succeed in academics as well?

This seminar is for those parents who wants to understand the benefits of stress-free and joyful learning over competitive and marks oriented education.



Rushikul is not just one more school, It is a different education system.
To understand it, attend the seminar on

## Rushikul Education System

Attending seminar will bring change in your understanding and behavior, which will help your child in blooming.

Admissions open only for Nursery

Parents who are just interested in understanding are also welcome.

**Can a school be responsible for whole child, more than just child's academics ?**

## Let us think beyond academics, what school can give more........?

**Date : Sunday, 29th September, 2019**
**Time : 10:35 am to 12:00 noon**
**Venue :** Somaiya College of Engineering, Ground Floor, Auditorium, Vidyavihar (East).

**To register for seminar WhatsApp... "Hi" on 90296 33667 You will receive a Google form link, to be filled.**

SCAN ME

Before attending the seminar, please see last year's seminar on

YouTube https://youtu.be/_F7dFIzplyU

GSPM'S
RUSHIKUL VIDYALAYA

Pantnagar, Ghatkopar (E), Mumbai - 400 075. **W** : www.rushikulvidyalaya.com **E** : rushikul.vidy@gmail.com **Tel.** : 022 2501 5751 / 9029623632 / 98190 98300

ચંદ્રેશ પારેખની કલમે.... ✍



## શાંત કેવી રીતે રહેવું

આ દુનિયામાં માણસ આવ્યો ત્યારથી શાંતિ ને ઝંખી રહ્યો છે.

પણ પણ કામ ક્રોધ અને લોભ માણસ ને શાંતિ થી જીવવા દેતો નથી.

અપને આજે શાંતિ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તેના વિશે જોશુ

ગયા વર્ષે જયારે હું ઓશોનું પુસ્તક *The Secret of Secrets* સાંભળી રહ્યો હતો ત્યારે મને રશિયન ચિંતક જી. આઈ. ગુર્જિફની એક રસપ્રદ વાર્તા વિષે જાણવા મળ્યું. જો કે જયારે મેં ગુર્જિફ ઉપર થોડા વર્ષો પહેલા જે પણ અભ્યાસ કર્યો હતો તેમાં મને ક્યાંય આ વાર્તા વિષે જાણવા મળ્યું હોય એવું બન્યું નથી. ન તો આવી કોઈ વાર્તાનો ઉલ્લેખ ગુર્જિફના લાંબા સમય સુધી શિષ્ય રહેલા પી. ડી. ઓઉસ્પેન્સકીના રચેલા સાહિત્યમાં ક્યાય જાણવા મળ્યો હતો. આમ, હું જો કે આ વાર્તાની યથાર્થતાને તો નથી ચકાસી શક્યો પણ તેમ છતાં તેમાં એક ખુબ જ સુંદર એવો સંદેશ તો ચોક્કસ રહેલો છે.

હું ઘણા બધા લોકોને મળતો હોવ છું અને એમાંથી ઘણા બધા લોકો મને પૂછતાં હોય છે કેઃ હું મારા ક્રોધ ઉપર કેવી રીતે કાબુ મેળવું? કાં તો પછી, લાલચ આવીને ઉભી રહે ત્યારે તેની સામે હું કેમ હારી જઉં છું? હું ક્યારેય કેમ મારા સંકલ્પોને વળગી નથી રહી શકતો. એવું કેમ, શા માટે?

ચાલો હું તમને આ વાર્તા કહું કે જે મેં થોડી ફેરવીને મારા પોતાના શબ્દોમાં પણ લખી છેઃ

ગુર્જિફ જયારે નાના હતા ત્યારની આ એક દંતકથા છે, મૃત્યુશૈય્યા પર રહેલા તેમના દાદાએ પોતાના પ્રિય શિષ્યને બોલવવાનો આદેશ આપ્યો. તેઓ એક ગ્રીક વંશમાંથી આવતા હતા, અને માટે આ વૃદ્ધ વ્યક્તિએ પોતાનું આખું જીવન મહાન ગ્રીક તત્વચિંતકો વિષે અભ્યાસ કર્યો હતો અને તેમની પાસે એક અદ્ભુત સલાહ હતી જે આજે તેમને આપવી હતી.

જીવન એ અનેક ક્ષણોનો એક સતત વહેતો જતો પ્રવાહ છે, નવ વર્ષના નાના ગુર્જિફને પોતાની તરફ ખેંચતા તેમણે કહ્યું. પોતાની રીતે તો આ બધી ક્ષણો ખુબ જ સરસ અને શુદ્ધ હોય છે. પરંતુ, ઇચ્છાઓનાં ફંદામાં અને અનૈતિક પસંદગીઓ કરવાથી આ પ્રવાહ દુષિત થઇ જતો હોય છે. તમે આ લાલચોમાં જેટલા વધારે ફસાતા જશો એટલું વધુ તમારું પોતાનું જ જીવન ખરાબ થતું જશે. હું જે કહી રહ્યો છે તે તું સમજી રહ્યો છે?

ગુર્જિફે પોતાનું માથું હલાવીને હા પાડી, પોતાના દાદાનો નબળો પડતો જતો અવાજ સાંભળીને તેની આંખો ભરાઈ આવી. ગુર્જિફને ખબર હતી કે આ કદાચ તેમનો આખરી સંવાદ ચાલી રહ્યો હતો.

તને આપવા માટે મારી પાસે નથી કોઈ સંપત્તિ, ઘર કે ઘોડા, વૃદ્ધ દાદાએ આગળ બોલતા કહ્યું, પણ તારા માટે મારી પાસે આ સોનેરી શબ્દો છે. તેને તું તારા મન-હૃદયમાં અંકિત કરી દઈશ તો તને જીવનમાં ક્યારેય એક દિવસ માટે પણ અફસોસ નહિ થાય. બેટા, જો જીવન છે ને એ તારી અસંખ્ય પરીક્ષાઓ કરશે અને અનેક લાલચો પણ આપશે. પણ જો જે તે તને પતનના જોખમી અને છેતરામણી વાળા રસ્તે ભૂલથી પણ ખેંચી ન જાય. ખુબ જ કાળજીપૂર્વક સારું શું અને ખરાબ શું તે બે વચ્ચેનું અંતર સમજી લેજે અને પછી જે સારું હોય તેને જ પસંદ કરજે. યાદ રાખજે, સારી પસંદગીઓ જ સારા પરિણામ તરફ લઇ જતી હોય છે.

પણ મને કેવી રીતે ખબર પડે કે સારું શું છે? ગુર્જિફે પૂછ્યું.

એ કહેવું તો બહુ કઠીન છે. એના માટેનો કોઈ એક ચોક્કસ રસ્તો હોય એવું નથી, છતાં હું તને એક સામાન્ય નિયમ બતાવી શકું: જયારે પણ તારા કહેવાથી જો કોઈને દુઃખ પહોંચી રહ્યું હોય કે જયારે તું કશું ખોટું બોલી રહ્યો હોય, તો પછી તેને સારું કર્મ ન કહી શકાય. એક દિવસે, એ ફરીને પાછું તારી પાસે આવશે અને તને ચોક્કસ બીવડાવશે.

એરીસ્ટોટલે જે કહ્યું છે એ યાદ રાખજે, 'સન્માન અને ભૌતિક સંપત્તિની ઝંખના એ કઈ સર્વોત્તમ બાબત હોઈ શકતી નથી. ઉલટાનું, જે તારી માનવ હોવાની ગરિમાને વધારે તે બાબત હંમેશાં સર્વોત્તમ હોય છે.' સરળ શબ્દોમાં કહેવું હોય તો તારે હંમેશાં એક સારા માનવ બનવાનો પ્રયત્ન કરવો જોઈએ, સમજ્યો?

ગુર્જિફે ફરીથી માથું હલાવીને હા પાડી અને કહ્યું, દાદાજી, હું તમને વચન આપું છું કે હું એવું જ કરીશ.

હવે તે મને વચન આપ્યું છે તો, વૃદ્ધ વ્યક્તિએ કહ્યું, હું તને ખુશીનું રહસ્ય બતાવીશ જેના વડે તું તારું જીવન સુંદર રીતે જીવી શકીશ. કાળજીપૂર્વક સાંભળે છે ને?

'હા'

તને જયારે પણ કશું ખરાબ કે ખોટું કરવાનું મન થાય, કે પછી તને ક્રોધનો અનુભવ થાય અને તારે કોઈ ઉપર ચીલ્લાવું હોય, ત્યારે તે બાબતને ફક્ત ૨૪ કલાક માટે ટાળવાની કોશિશ કરજે. ક્યારેય જલ્દીથી વળતો ઉત્તર આપવાની ઉતાવળ નહિ કરતો. અને, જયારે પણ તને સારું કર્મ કરવાની તક મળે, તો તેને ક્યારેય કાલ ઉપર ન ટાળતો. એ તો બસ તરત જ કરી નાંખજે.

સારી પસંદગીઓ તેમજ સત્કર્મોની હારમાળા જ અંતે તો તમારા જીવનમાં આવતી અનિચ્છનીય પરિસ્થિતિઓ અને પ્રસંગોમાં તમારું સુરક્ષા કવચ બનીને તમને સાચવે છે. બસ, આટલું સરળ છે આ. સારા વિચારો, શબ્દો અને કર્મો એજ તમારું સુરક્ષાકવચ બની રહેતું હોય છે. અને એવું પણ નથી કે જીવન તમારા ઉપર તીર ચલાવવાનું બંધ કરી દેશે, પણ હા તમે હંમેશાં સલામત રહી શકશો. અને, હું માનું છું કે મોટાભાગના લોકો આ યુક્તિમાં રહેલી અમુલ્યતાને જોઈ શકતા હશેઃ તમારા ખરાબ કર્મોને થોડા સમય માટે ટાળી દો, અને સત્કર્મો કરવામાં હંમેશાં ઉતાવળ દાખવો. અને અહી મુખ્ય પ્રશ્ન તેના મહત્વને સમજવાનો નથી, પણ તેના ઉપર અમલ કરવાનો છે. પરંતુ જયારે આપણી અંદર ક્રોધની જ્વાળાઓ ઉઠી રહી હોય અને બધું ડહાપણ જયારે આપણને છોડીને જતું રહેતું હોય ત્યારે આ કરવાનું કેવી રીતે યાદ રાખવું? આપની લાલચ, ટેવો, ઇચ્છાઓ તેમજ આપણા સ્વયં સંચાલિત પ્રતિભાવો આપણને આ જ્ઞાનની વિસ્મૃતિ કરાવી દેતા હોય છે. ક્રોધનો આવેગ આપણી ભલાઈને ડરાવીને તેને ઉડાડી મુકે છે, જેવી રીતે એક મોટી તાળીના અવાજથી પંખી વૃક્ષ ઉપરથી ઉડી જાય છે તેમ.

તો પછી જયારે આ વિલંબિત પ્રતિભાવ આપવા માટે જરૂરી એવી સજગતા તમારી પાસે હંમેશાં રહે તે બાબતનું ધ્યાન કેવી રીતે રાખવું? સૌ પ્રથમ, તો સજગતા કેળવવા માટે તમારે વારંવાર તમારા મનને વર્તમાન ક્ષણમાં લાવવાની પ્રેક્ટીસ કરવી પડશે. એના માટે બે સરળ સવાલો તમારી જાતને પૂછોઃ

(૧) હું અત્યારે શું કરી રહ્યો/રહી છું?

(૨) મારે અત્યારની ક્ષણે શું કરવું જોઈએ?

અને બીજું, તેનાથી પણ વધારે મહત્વનું છે, સજગતા અને ભલાઈને પોષે તેવું વાતાવરણ તમારી આજુબાજુ હોય. તમારે ઓલોમ્પિકની તરણસ્પર્ધામાં ભાગ લેવો છે? વારુ, તો પછી તમારે ઓલોમ્પિકમાં જેવડો મોટો સ્વીમીંગપુલ હોય છે એવડા મોટા પુલમાં પ્રેક્ટીસ આજે નહિ તો કાલે શરુ કરવી જ પડશે. એક દિવસ એની જરૂર પડવાની જ છે, તો પછી જેટલું જલ્દી કરવું એટલું વધારે સારું રહેશે, અને જેટલી વધુ પ્રેક્ટીસ કરશો એટલું જ વધારે સારું પણ રહેશે.

*Can a man take fire to his bosom and his clothes not be burned? Can one go upon hot coals, and his feet not be seared*

તમારી જાતને એક યોગ્ય વાતાવરણમાં રાખો અને જુઓ એક સજગતાનો ચમત્કાર કેટલો સહજતાથી થાય છે. સાચી શરતોનું સર્જન કરો અને જુઓ કે એનાથી કેવો જાદુ થાય છે.

આ જુઓ, છત કેટલી ટપકે છે! મુલ્લા નસરુદ્દીનના ભાડુઆતે તેમના ઉપર ચિલ્લાતા કહ્યું. હું તમને કેટલાય મહિનાઓથી કહી રહ્યો છું. આવું ક્યાં સુધી ચાલશે?

કશું કહી ન શકાય મારા મિત્ર, મુલ્લાએ શાંતિથી જવાબ આપતા કહ્યું, હવામાન વિશેની મારી આગાહી મોટેભાગે ખોટી જ પડતી હોય છે.

કોઈપણ પરિસ્થિતિનો સામનો આપણે કેવી રીતે કરીએ છીએ તેનો આધાર ફક્ત બે બાબતો ઉપર રહેલો છેઃ જીવન પ્રત્યેનો આપણો અભિગમ અને આપણી ટેવો. આ બે બાબતોમાં જો બદલાવ લાવીએ તો તેનાથી આપણી લાગણીઓ, પ્રતિભાવો અને આપણા ફરી પડી ગયા પછી ઉભા થવામાં જે સમય લાગે છે એ તમામ બાબતોમાં પણ બદલાવ આવતો જશે.

હંમેશાં ખરાબ કર્મને ટાળો. અને સત્કર્મો કરવામાં ઉતાવળ દાખવો.

# શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળામાં ઉજવાયેલ શિક્ષકદિન



તા.૫ સપ્ટેમ્બર ના રોજ ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન ના જન્મદિન નિમિત્તે શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીયશાળામાં ઉત્સાહપૂર્વક શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી. ધોરણ ૯ અને ૧૦ નાં વિદ્યાર્થીઓ શિક્ષક બની ધોરણ ૫ થી ૧૦ નાં દરેક વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યું.

એક દિવસના શિક્ષક બન્યા ત્યારે આચાર્યા, શિક્ષક તથા શિક્ષકેત્તર કર્મચારીઓનો સંપૂર્ણ કાર્યભાર જવાબદારી પૂર્વક સહર્ષ સંભાળ્યો.

ત્યારબાદ બનેલા શિક્ષકોએ આચાર્યા થી કર્મચારીગણ સુધીના દરેકને પુષ્પ આપી સન્માનપૂર્વક સમ્માન કર્યું અને પોતે શિક્ષક બન્યા પછી અનુભવેલા અનુભવોને વ્યક્ત કર્યા ત્યારે શિક્ષકોની ફરજ, શિક્ષકોનું કર્તવ્ય અને શિક્ષકોનું જ્ઞાન સાથે સમજણ નો અહેસાસ તેઓને થયો, તેની જાણ તેઓના વક્તવ્ય દ્વારા થઈ. વિદ્યાર્થીઓમાં રહેલા સુશુપ્ત ગુણોને તક મળે તે માટે શાળામાં વિવિધ કાર્યક્રમો યોજાતા હોય છે.



વોઈસ ઓફ ઘાટકોપર ૨૭ સપ્ટેમ્બર - ૦૩ ઓક્ટોબર ૨૦૧૯ 13

# મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના હસ્તે વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતાના પંચવર્ષીય લોકકાર્યોના અહેવાલનું લોકાર્પણ












## સતત 30 વર્ષ સુધી લોકોના વિશ્વાસપાત્ર બનવું એ એક મોટી ઉપલબ્ધી છે : મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ



તા.૨૪-૦૯-૨૦૧૯ના રોજ ઝવેરબેન સભાગૃહ ખાતે વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતાના વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ સુધી કરેલ લોકકાર્યોના અહેવાલનું મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જનતા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિએ પોતાના કરેલા કાર્યોના લેખાજોખાને જનતા સમક્ષ રાખવું એ ભાજપની પરંપરા રહી છે. આજ પરંપરાને આગળ વધારતા વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતાએ દર વખતની જેમ આ વખતે પણ તેમણે કરેલા કાર્યો ને લોકો સમક્ષ રાખતા અહેવાલ રજુ કર્યો. લોકોથી ખચોખચ ભરેલા ઓડિટોરિયમમાં પ્રકાશિત કરવામાં આવનારા આ અહેવાલ ના સાક્ષી બનવા જાણે માનવ મહેરામણ ઉભરાયું હોય તેમ બધા સમાજના મહાનુભાવો તેમજ કાર્યકર્તાઓની ભીડથી ઓડિટોરિયમ જ નહિ પણ બહાર સુધી લોકો બેસીને આ કાર્યક્રમ નિહાળી રહ્યા હતા. આ પ્રસંગે પ્રકાશભાઈ મહેતાનો સમસ્ત પરિવાર પણ ત્યાં ઉપસ્થિત રહ્યો હતો.

આ પ્રસંગે વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતાના કરેલા કાર્યોની એક ક્લિપ પણ દેખાડવામાં આવી હતી અને મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસજીની હાજરીમાં જ્યારે વિધાનસભ્ય પ્રકાશભાઈનો આજ થી ૨૫ વર્ષ પૂર્વ તેમને કરેલા કાર્યોનો અહેવાલ રજુ કર્યો ત્યારે સ્વ.પ્રમોદ મહાજનજી દ્વારા તેમનું વિમોચન કરતા તેમને જે મંતવ્યો આપ્યા તેની પણ એક ક્લિપ દેખાડવામાં આવી હતી, જેમાં સ્વ.પ્રમોદ મહાજને પ્રકાશ મહેતાને તેઓ પોતે એક પ્રકાશ છે જે જ્યાં જાય ત્યાં અંધારાને અજવાળામાં બદલી નાખે છે અને તેમના વગર અંધારૂં છે એમ કહ્યું હતું.

પોતપોતાના મંતવ્યમાં બધાએ વિધાનસભ્ય પ્રકાશભાઈના કરેલા કાર્યોની પ્રશંસા કરી હતી તેમજ તેમને 30 વર્ષો સુધી લોસકો અને વિવિધ સમાજો માટે કરેલા કાર્યોની સરાહના કરી હતી.

**આ પ્રસંગે વિધાનસભ્ય પ્રકાશભાઈ મહેતાએ શું કહ્યું?**

આજ થી ૨૫ વર્ષ પહેલા પણ અહેવાલ વિમોચનમાં થોડું મોડું થયું હતું અને આજે પણ થોડું મોડું થયું છે એનું કારણ છે કે ભાજપની પરંપરા છે કે કોઈપણ સત્કાર્ય કુટુંબના વડીલ જ કરે અને આજ થી ૨૫ વર્ષ પહેલા સ્વ.પ્રમોદ મહાજનએ વડીલ તરીકે અહેવાલનું વિમોચન કર્યું અને આજે મને ગત સાડાચાર વર્ષ મહારાષ્ટ્રમાં મંત્રી તરીકે કામ કરવાની તક મળી ગૃહનિર્માણ જેવા વિભાગમાં કામ કરતી વખતે પ્રધાનમંત્રી આવાસ યોજના, બી.ડી.ડી.ચાલનો પુનર્વિકાસ, ધારાવીનો પુનર્વિકાસ, નવા ઘર ખરીદનાર નાગરિકો માટે મહારેરા જેવા ઐતિહાસિક પુનર્વિકાસ સંબંધી ધોરણ, મુંબઈ શહેરની ઉપકર પ્રાપ્ત ઈમારતો બાબતે ધોરણાત્મક નિર્ણય, વર્ષોથી સંક્રમણ શિબિરમાં રહેતા લોકો સંબંધી ધોરણો, ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ યોજનાને ગતીશીલ કરીને તેમની અનેક ત્રુટિ અને જે લોકએ એસ.આર.એ.ના ઘરો ખરીદ્યા છે તેમના માટે દંડાત્મક શુલ્કની આકારણી કરીને ઘર નામે કરી આપવા સંદર્ભનું ધોરણ, સન ૨૦૦૦ પછીના અને ૨૦૧૧ સુધીના અનધિકૃત ઝૂંપડપટ્ટીવાસીઓને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સમાવેશ કરીને તેમને તેમના હકનું ઘર મળે તે માટે ઐતિહાસિક નિર્ણયો કર્યા.

